## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*વધાર્યા કરે છે વિસ્તાર, કોરોના ચીન જેવો છે,*
*મારે એ રિબાવી, રિબાવીને - કોરોના ચીન જેવો છે.*
*છે જન્મદાતા, લક્ષણે એ કોરોના ચીન જેવો છે*
*પીછે હટ પછી મારે છાપો કોરોના, ચીન જેવો છે...*

**હાઈકુ**

*હાથે કરીને -*
*લોકો નાખતા નથી -*
*કુંડાળે પગ!!*
*(ડિસ્ટન્સ ની અવગણના)*

*'કોઠી' ફોડીને -*
*માણો મફત મજા -*
*અર્થતંત્રની...*
*(ડૂબતું તંત્ર તરણાં ઓથે)*
*એડવાન્સ પગાર વધારો*

### ચિંતન

*યસ્ય યાપ્રિયમન્વિચ્છેતસ્ય, કુર્યાત સદા પ્રિયમ્ ।*
*વ્યાધો મૃગવધં કર્તું ગીતં, ગાયતિ સ્વરમ્ ॥*

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જેમનું અહિત કરવાનું હોય એમની સાથે પ્રથમ કૂટ-મધુર વ્યવહાર એટલે કે કપટ મૈત્રી બાંધવી જોઈએ. શિકારી લોકો એવું કહેવાય છે કે પ્રથમ મધુર સંગીત સંભળાવીને હરણ ને લોભાવે છે, તેનો વિશ્વાસ સંપાદન કર્યા પછી નજીક આવતાં જ તેને પકડીને ઘાત કરે છે.

મીઠું બોલી ફસાવનારા આ સિદ્ધાંત નીતિને વ્યવહારમાં છેતરપીંડીમાં બરાબર અપનાવી; નિર્દેષ અને વિશ્વાસ મૂકનારાજનોને સરળતાથી છેતરી - દગો રમે છે.

આજકાલ એડવાન્સ પૈસા મેળવી, ભેટ યોજના, એકનાં ડબલ કરી આપનારા અને સોનાના સસ્તાં સિક્કા આપનારા આ સિદ્ધાંત પર જ કામ કરતા હોય છે. વર્તમાનપત્રમાં આવા અનેક કિસ્સા છપાયા હતા બીજાના અનુભવે શીખતાં નથી અને ઠગ લોકોનો શિકાર બને છે.

### સુવિચાર

- એક નાનકડો ગુણાકાર. 'સંબંધ x અપેક્ષા = શૂન્ય' - **અનામી**
- કોઈ તકલીફમાં હોય અને આપણી પાસેથી ખુશ થઈને જાય, એટલે સમજવું કે... આપણા પૂજા-પાઠ અને દીવાબત્તી થઈ ગયા - **જન્મભૂમિ**
- સ્થાન ભ્રષ્ટ થયેલી કોઈ વસ્તુ શોભે નહીં તેમ માણસ પણ સ્થાનભ્રષ્ટ થાય પછી શોભતો નથી - **જીવન પાથેય**
- પ્રત્યેક વ્યક્તિના જીવનમાં એક મંત્ર હોવો જોઈએ, મંત્રમાં અજબ શક્તિ હોય છે પછી એ ઈશ્વરની આરાધનાનો મંત્ર હોય છે સેવાકાર્યનો મંત્ર હોય કે પછી જીવનનું લક્ષ્ય પાર પાડવાનો - **મોરારિ બાપુ**
- જીવનમાં અપેક્ષાઓ રાખવી પણ એ અપેક્ષાઓ પોતાની સીમા મુજબ રાખવી તો જ જીવનનો તાગ પામી શકાશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન તો સહજ... સરળ હોય... સરળ છે તે જ સબળ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : ભાંગના બીજનું તેલ ગઠિયા વા ના દુઃખાવામાં માલિશ કરવાથી ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કારાડેલીની ઈચ્છા સ્ટેજ પર લાઈવ ગીતો ગાઈને પ્રસિદ્ધ થવાની હતી. પણ એમની ઈચ્છા સામે સૌથી મોટો અવરોધ એમનો કદરુપો ચહેરો હતો. એમનાં દાંત આગળ પડતા દેખાતા હતા. એમને પણ આ હકીકતનો અંદાજ હતો. કે ગાનાર કલાકારને દર્શકો એકાગ્ર થઈને સાંભળવા ઉપરાંત જોઈ પણ રહેતા હોય છે. કારા ડેલીએ સ્ટેજ પર ગાવાનું સાહસ કર્યું. પણ એના દેખાવ વિશે તે અત્યંત સભાન હતી તેથી એ પોતાના દાંત છુપાવા માટે પ્રયત્ન કરતી રહી. પરિણામ એ આવ્યું કે એકવાર એની ગાયન શૈલીથી પ્રભાવિત થયેલા શ્રોતાએ એમને રૂબરૂ મળીને સૂચન કર્યું. 'આપ સ્ટેજ ઉપર ઉત્તમ ગાઈ શકો છો. અને આપ જે છુપાવવા માગો છો તે હું જાણી ગયો છું. અને તમારા હોઠની બહાર આવતા આગળના દાંત દેખાય તે પસંદ નથી ખરું ને??' કારાએ એની આ વાતનો સ્વીકાર કર્યો ત્યારે પેલા શ્રોતાએ કહ્યું, 'આ બાબતે શરમાઈને તું ગાઈશ તો ક્યારેય મુક્ત રીતે ગાઈ શકીશ નહીં. અને ક્યારેય શ્રોતાઓને રીઝવી શકીશ નહીં, સહેંજેય શરમાયા વગર નિરાંતે મોં ખુલ્લું રાખીને, દાંત છુપાવ્યા વિના ગાઈશ તો સફળ થઈશ.' શ્રોતાની આ સલાહ માનીને કારાએ ગાતી વખતે તન્મય બનીને માત્ર ગાવાનો જ વિચાર કર્યો. બીજું બધું ભૂલી ગઈ. સમય જતાં રેડિયો અને ટેલિવિઝનની અગ્રણી ગાયિકા બની ગઈ.

# લાલિયાવાડી સામે ગડકરીનો પુણ્યપ્રકોપ

**તંત્રીસ્થાનેથી...**

મોદી મંત્રીમંડળમાં સૌથી વધુ કાર્યદક્ષ અને સાચકલા મંત્રી તરીકે ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી રાજકારણમાં રહીને પણ ઈમાનદાર અને સ્પષ્ટવક્તા મંત્રી તરીકે અનોખી ઈમેજ ઊભી કરી શક્યા છે. એમને રાજકારણના આટાપાટા રમતાં આવડ્યા હોત તો એ વડાપ્રધાન પદના દાવેદાર બની શક્યા હોત. એમને નાગપુર સંસ્કૃતિને સાચા અર્થમાં પચાવી જાણી છે. એટલે તેઓ પદ કરતાં પરિણામલક્ષી કામગીરી પ્રદાન કરવા તરફ જ ધ્યાન કેન્દ્રીત કરતા રહ્યા છે. મહારાષ્ટ્ર ભારતીય જનતા પાર્ટીના સુકાની તરીકે એમના પરિશ્રમથી હાંસિયાથી હિંદુત્વવાદી પાર્ટીએ એવડું મોટું કાઠું કાઢ્યું કે જેની આંગળી પકડીને ભાજપ મુંબઈ અને મહારાષ્ટ્રમાં ક્યારેક પા પા પગલી ભરતો હતો તે બાળાસાહેબ ઠાકરેની માનસકન્યા સમી શિવસેનાને પડકારી શકે એટલો બળૂકો બની રહ્યો. એમણે છેક પાયાના કાર્યકરથી લઈ રાષ્ટ્રીય સ્તર પર્યંત કામ કર્યું છે અને જે કામ એમને સોંપાયું તે સંઘેડાઉતાર પાર પાડી બતાવ્યું છે. હમણાં એમણે વીડિયો કોન્ફરસિંગ મારફત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ભવનનું ઉદ્ઘાટન કરતાં જે ઓફબીટ અભિગમ દર્શાવ્યો તે આપણાં પરંપરાગત, ચીલાચાલુ રાજકારણથી તદ્દન સામા છેડાનો છે. ૨૦૦૮માં મંજૂર થયેલ ૨૦૦ કરોડનો પ્રોજેક્ટ ૨૦૨૦માં સંપન્ન થાય એ કોઈ પણ સંસ્થાન માટે શરમાવાની બાબત ગણાવી જોઈએ, ગૌરવ લેવાની તો નહીં જ. આ મુદ્દે એમણે ઓથોરિટીના અધિકારીઓનો બરાબર ઉધડો લઈ નાખ્યો. એમણે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં આ પ્રોજેક્ટને ટલ્લે ચડાવતા રહેલા અધિકારીઓનો ભ્રષ્ટ, કામચોર અને બેદરકાર ગણાવ્યા. જો કે વર્તમાન કાર્યવાહકો તો હમણાં નવા સવા નિમાયા હોઈ એમનો વાંક કાઢવો બરાબર નથી, પરંતુ ૨૦૧૧માં ટેન્ડર પ્રક્રિયા પૂરી થયા પછી બબ્બે સરકારો બદલાઈ અને ઓથોરિટીના પદાધિકારીઓ પણ બદલાતા રહ્યા ત્યાં સુધી આ મામૂલી પ્રોજેક્ટ સતત ટલ્લે ચડતો રહ્યો એથી મંત્રીએ ઘણી જ પીડા અનુભવી છે. અબજો રૂપિયાનો વિશાળ હાઈવે પ્રોજેક્ટ બે વરસમાં પરિપૂર્ણ થઈ શકતો હોય ત્યારે આવા ટચૂકડા પ્રોજેક્ટને સંપન્ન કરવામાં આટલો વિલંબ થાય તે એની સાથે ૨૦૦૯ થી ૨૦૨૦ વચ્ચે સંકળાયેલા અધિકારીઓની નાગડદાઈ જ લેખાવી જોઈએ. ગડકરીએ તો એ ગાળાના અધિકારીઓના ફોટા ભવનમાં લટકાવવાની ભલામણ કરી છે જેથી જોનારા સમજે કે સરકાર ગમે તે આવે પણ ભ્રષ્ટ અને બેદરકાર, કામચોર અધિકારીઓ એમના મનનું ધાર્યું જ કરતા રહે છે અને કામને વિલંબમાં નાખવા ગમે તેવી બહાનાબાજી કરતા રહે છે. ગડકરીનો આ પુણ્યપ્રકોપ એક સાચા જનપ્રતિનિધિનો 'રેડ ટેપિઝમ' અને ભ્રષ્ટ બાબુગીરી સામેનો જડબેસલાક પ્રતિસાદ છે. એમની કઠોર લાગણી વાણી આખરે તો સાચા જનસેવકની દૂંટીમાંથી પ્રગટેલી પ્રતિક્રિયા છે. જો મંત્રીમંડળના બીજા સભ્યો પણ એમના વિભાગોમાં ચાલતી લાલિયાવાડી સામે આવું જ ટકોરાબંધ વલણ અપનાવે તો સાચા અર્થમાં દેશને ગમે તેવી મુસીબતો વચ્ચે પણ પ્રગતિના પંથે અગ્રેસર બનાવી શકાય. જો કે ગમે તે પાર્ટી સત્તા પર હોય પરંતુ મોટા ભાગના મંત્રીઓ તો 'આગુ સે ચલી આઈ' પરંપરાને જ આગળ ધપાવતા રહે છે. એથી અધિકારીઓ સાથે એમનું તરભાણું પણ છલકાતું રહે છે. 'કોના બાપની દિવાળી?' - જેવો રૂઢિપ્રયોગ અમસ્તો વહેવારમાં નહીં જ આવ્યો હોય.

# લૌહપુરુષ - અવદાનમ્

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

ડૉ. શિવપ્રસાદ ભારદ્વાજ દહેરાદૂનના વતની. પંજાબમાં હોશિયારપુરમાં સંસ્કૃત અને પ્રાચીન વિદ્યાઓનું શોધ સંસ્થા છે. એમાં તે પ્રાધ્યાપક હતા.

એમણે સંસ્કૃતમાં મહાકાવ્યની રચના કરી. 'લોહપુરુષ, વદાનમ્' ઈ.સ. ૧૯૯૦માં દહેરાદૂનથી પ્રકાશિત થયું. કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયની આર્થિક સહાય આ પ્રકાશનને મળી હતી.



લૌહપુરુષ - અવદાનમ્. સરદાર પટેલ લોહપુરુષ હતા. દૃઢ મનોબળ, ઝડપી નિર્ણયશક્તિ, અપ્રતીમ સાહસને કારણે એ લોહપુરુષ હતા. અવદાન એટલે ઉમદા ચરિત્ર. જેમ કે 'દિવ્યાવદાન' દિવ્ય પુરુષ ભગવાન બુદ્ધનું ચરિત. શીર્ષકનો અર્થ છે : 'સરદાર પટેલનું ઉમદા ચરિત્ર'.

આચાર્ય મોહનદેવ પંતનો અભિપ્રાય સંસ્કૃતમાં છે - 'પંડિત ભારદ્વાજની આ રચના જોઈને, કયા ભારતીયનાં હૃદયમાં અતિશય માત્રામાં હર્ષ ન થાય.'

મહાકાવ્યના પ્રકરણ માટે 'સર્ગ' શબ્દ છે. આ મહાકાવ્યમાં ૩૨ સર્ગ છે. દરેકમાં સરેરાશ ૯૯ શ્લોક છે. આ રીતે આ મહાકાવ્યમાં કુલ ૨૬૦૬ શ્લોક છે. કવિએ પ્રયોજેલી સંસ્કૃત ભાષા એકદમ સરળ છે. તેમ છતાં દરેક શ્લોક સાથે એમણે એનો હિન્દી અનુવાદ આપ્યો છે. સંસ્કૃત નહિ જાણતા વાચક ઉપર ઉપકાર કર્યો છે.

આ મહાકાવ્ય રચનાની જરૂર શા માટે પડી? કવિએ આ રચનાનું પ્રયોજન સ્પષ્ટ કર્યું છે -

'સત્તા સ્થાને બેઠેલા હોય, અને પોતાને ગમતા હોય; એવા નેતાઓની પ્રશસ્તિ તો બધા કવિઓ રચ્યા કરતા હોય છે. પરંતુ આપણો પોતાનો દેશ ટૂકડાઓમાં વહેંચાયેલો હતો, એને જેમણે એક કરી આપ્યો; એને આ લોકો કેમ ભૂલી જાય છે.'

આ મહાકાવ્યમાં કાવ્યતત્ત્વ અને ઈતિહાસ તત્ત્વ બંને ઉચ્ચ કક્ષાએ છે. કાવ્ય તરીકે સમૃદ્ધ છે, ઐતિહાસિક સામગ્રી પ્રમાણભૂત અને સર્વમાન્ય છે.

મહાકાવ્યના સર્ગને શીર્ષક આપવાની પરંપરા છે. અહીં ૩૨ સર્ગોના શીર્ષક આ રીતે છે. આનાથી સમગ્ર મહાકાયના વિષયવસ્તુનો ખ્યાલ આવી જાય છે :

(૧) વિષય પ્રવેશ (૨) વલ્લભભાઈનું કુળ - જન્મ (૩) તત્કાલીન પરિસ્થિતિઓ - દેશકાળ (૪) બાળપણ - શિક્ષણ (૫) વિવાહ (૬) વકીલ વ્યવસાયનો આરંભ (૭) વિઠ્ઠલભાઈનું વિદેશ ગમન (૮) વિઠ્ઠલભાઈનું સ્વદેશાગમન (૯) પત્નીનું અવસાન (૧૦) વિદેશયાત્રાનું આયોજન (૧૧) સમુદ્રમાર્ગે પ્રવાણ (૧૨) લંડનમાં નિવાસ (૧૩) સ્વદેશાગમન (૧૪) અમદાવાદમાં વ્યવસાયનો આરંભ (૧૫) નગરપાલિકામાં સભ્યપદ (૧૬) નગર પાલિકાની સ્વચ્છતા સમિતિના અધ્યક્ષ (૧૭) વિદેશી વસ્ત્રોના ત્યાગનું અભિયાન (૧૮) અસહયોગનું આંદોલન (૧૯) વિદેશી વસ્ત્રોનાં ત્યાગનું અભિયાન (૨૦) દારૂનિષેધની ચળવળ (૨૧) નાગપુર આંદોલન (૨૨) બોરસદ સત્યાગ્રહ (૨૩) નગરપાલિકાના પ્રમુખ (૨૪) બારડોલી સત્યાગ્રહ (૨૫) મીઠાનો સત્યાગ્રહ (૨૬) નરીમાન કાંડ (૨૭) ભારત છોડો આંદોલન (૨૮) ભારતનાં વિભાજનની ભૂમિકા (૨૯) સ્વતંત્રતા પ્રાપ્તિ અને દેશવિભાજન (૩૦) બંધારણનું નિર્માણ (૩૧) રાજયોનું વિલીનીકરણ (૩૫) મહાપ્રયાણ.

આ મહાકાવ્ય 'લૌહાપુરુષાવદાનમ્' નું બે રીતે મહત્ત્વ છે : (૧) સંસ્કૃત સાહિત્ય વર્તમાન સમયમાં પણ નિરંતર સર્જાતું રહે છે. એમાં નિત્યનૂતન પ્રયોગો થતા રહે છે. સાહિત્યનું સ્વરુપ મહાકાવ્ય પરંપરાગત છે અને એનો વિષય આધુનિક છે. (૨) સરદાર પટેલ ગુજરાતના પનોતાપુત્ર છે અને એને લગતું મહાકાવ્ય છેક દહેરાદૂનમાં લખાય છે અને ત્યાંથી પ્રકાશિત થાય છે.

ગુજરાતની આ વીરલ પ્રતિભાને અને એને ઉજાગર કરનારા પરપ્રાંતીય સર્જકને વંદન.

# અર્જુન પુરસ્કાર કઈ સાલથી આપવાની શરુઆત થઈ?

## રમત-જગત

૧ આખલા યુદ્ધ એ કયા દેશની જાણીતી રમત છે ?
(અ) જર્મની (બ) સ્પેન
(ક) સ્કોટલેન્ડ (ડ) બ્રાઝીલ

૨ કયો ખેલાડી હરિયાણા હરિકેન તરીકે ઓળખાય છે ?
(અ) નવજોત સિધ્ધુ (બ) રવિ શાસ્ત્રી
(ક) કપિલદેવ (ડ) નવાબ પટોડી

૩ નવાબ પટોડી કયા નામે ઓળખાય છે ?
(અ) લાયન (બ) ડાયમન્ડ
(ક) હીરો ઓફ ક્રિકેટ (ડ) ટાઈગર

૪ ફૂટબોલ એ કયા દેશની રાષ્ટ્રીય રમત છે ?
(અ) બ્રાઝિલ (બ) ફ્રાન્સ
(ક) લક્સમ્બર્ગ (ડ) બેલ્જિયમ

૫ જૂડો કયા દેશની રમત છે ?
(અ) ચીન (બ) ભૂતાન
(ક) જાપાન (ડ) કોરિયા

૬ બેબ્રોન સ્ટેડિયમ ક્યાં આવેલું છે?
(અ) ચેન્નાઈ (બ) મુંબઈ
(ક) કોલકાત્તા (ડ) બેંગ્લોર

૭ કયો ખેલાડી ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ક્રિકેટ હિસ્ટ્રી તરીકે ઓળખાય છે ?
(અ) જસુ પટેલ (બ) સુનિલ ગાવસ્કર
(ક) પ્રો.બી. દેવધર (ડ) નવાબ પટોડી

૮ અશ્વિની પોપન્યા કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) ટેબલ ટેનીસ (બ) સ્વીમીંગ
(ક) જિમ્નાસ્ટીક (ડ) બેડમિન્ટન

૯ કઈ પત્રિકા ક્રિકેટનું બાઈબલ કહેવાય છે?
(અ) વિઝડન (બ) બેલફાસ્ટ
(ક) દુરહામ (ડ) ક્રિકેટ ટાઈન્સ

૧૦ કયા ખેલાડીનું ઉપનામ બોમ્બે બોમ્બર છે?
(અ) રવિ શાસ્ત્રી (બ) રોહિત શર્મા
(ક) સચિન તેંડુલકર (ડ) કિરમાણી

૧૧ અર્જુન પુરસ્કાર કઈ સાલથી આપવાની શરુઆત થઈ ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૧
(ક) ૧૯૬૨ (ડ) ૧૯૬૫

૧૨ ડાન્સિગ એમ્પાયર તરીકે કોણ ઓળખાય છે ?
(અ) અનિલ ચૌધરી (બ) ડેવિડ શેફર્ડ
(ક) બીલ્લી ડૉકરોબ (ડ) પૌલ વિલ્સન

૧૩ અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ અને રાજીવ ગાંધી ખેલરત્ન એવા ત્રણ એવોર્ડથી સન્માનિત ખેલાડી કોણ છે ?
(અ) પુલેલા ગોપીચંદ (બ) પીટી ઉષા
(ક) આન્દ્રે અગાસી (ડ) ચિત્રા માગીચેરાઝ

૧૪ તીરંદાજી કયા દેશની રાષ્ટ્રીય રમત છે?
(અ) ભૂતાન (બ) બાંગ્લાદેશ
(ક) જાપાન (ડ) બ્રહ્મદેશ

૧૫ ગુગલી કઈ રમત સાથે સંકલાયેલ શબ્દ છે ?
(અ) બેઝબોલ (બ) ખોખો
(ક) બાસ્કેટ બોલ (ડ) ક્રિકેટ

**ખજાનો**
**અનિલ પટેલ**

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૩૦ ઓકટોબર :
  - ફિલ્મ જગતના જાણીતા કલાકાર અને ફિલ્મ નિર્માતા વી. શાન્તારામનું નિધન (૧૯૯૦)
  - અણુ વિજ્ઞાનક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મદિવસ (૧૯૦૯)
  - જીનિવા ખાતે ૨૩ જેટલા દેશોએ ગેટ કરાર પર હસ્તાક્ષર કર્યા (૧૯૪૭)
  - નરેન્દ્ર દવેની જન્મજયંતિ (૧૮૮૯)
- ૩૧ ઓકટોબર : સરદાર જયંતિ / વિશ્વ બચત દિવસ / રાષ્ટ્રીય એકતા દિવસ
  - બહુમુખી પ્રતિભા ધરાવતા ઉદ્યોગપતિ અને સમાજસેવી જયકૃષ્ણ હરિવલ્લભદાસનો જન્મદિવસ (૧૯૧૯)
  - સુરેન્દ્રનાથ દાસગુપ્તાની જન્મજયંતિ (૧૮૮૭)
  - ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ (૧૯૮૪)
- ૧ નવેમ્બર :
  - આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ અને હરિયાણાનો સ્થાપના દિવસ
  - પ્રસિદ્ધ અને મહાન ભવિષ્યવેતા જહોન વોર્નર કીરાનો જન્મદિવસ (૧૮૬૬)
  - અમદાવાદને અદ્યતન બનાવનાર પૂર્વ મેયર ચીનુભાઈ ચીમનલાલનો જન્મદિવસ (૧૯૦૯)
  - સુરતથી ઉપડેલી પહેલી ટ્રેન મુંબઈ પહોંચી (૧૮૬૪)
- ૨ નવેમ્બર :
  - બોલીવુડ એકટર શાહરુખ ખાનનો જન્મદિવસ (૧૯૬૫)
  - વિજ્ઞાન-શિક્ષણનો ભારતમાં ખ્યાલ આપનાર લોકપ્રિય ડૉ. મહેન્દ્ર સરકારનો જન્મદિવસ (૧૮૩૩)
  - કેળવણીકાર અને સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શક'નો જન્મદિવસ (૧૯૧૪)
- ૩ નવેમ્બર :
  - ધરતી માસિક શરૂ કરનાર ગાંધીવાદી લોકસેવક ચંદ્રવદનભાઈ લશ્કરીનો જન્મદિવસ (૧૯૨૨)
  - ત્રિશૂળ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરાયું (૧૯૯૧)
  - નોબેલ પારિતોષિક વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્યસેનનો જન્મદિવસ (૧૯૩૩)
  - અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનું મુંબઈમાં પ્રકાશન શરૂ થયું (૧૮૩૮)
- ૪ નવેમ્બર : યુનેસ્કો દિવસ
  - બંગાળના નાટ્યક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપનાર અહીન્દ્ર ચૌધરીનું નિધન (૧૯૭૪)
  - શંકરજયકિશનની સંગીતકાર જોડીમાંના એક એવા જયકિશન પંચાલનો જન્મદિવસ (૧૯૨૯)
  - મહાન ક્રાંતિકારી વાસુદેવ બલવંત ફડકેની જન્મજયંતિ (૧૮૪૫)
  - જમનાલાલ બજાજની જન્મજયંતિ (૧૮૮૯)
- ૫ નવેમ્બર :
  - દાનવીર, જ્ઞાનવીર અને કર્મવીર દેશબંધુ ચિત્તરંજનદાસની જન્મજયંતિ (૧૮૭૦)
  - ઈસ્માઈલ નાનોરીની જન્મજયંતિ (૧૯૦૪)
  - મંગળયાન રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું (૨૦૧૩)
  - ક્રિકેટર વિરાટ કોહલીનો જનમદિવસ (૧૯૮૯)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

એલજેપી પક્ષના સ્થાપક એવા કયા નેતાનું તાજેતરમાં અવસાન થયું?
જવાબઃ રામવિલાસ પાસવાન

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફોસિટી જુ. સા. કૉલેજ.(૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૫) મીત પી પટેલ : સે-૨૩(૬) મહેશ એમ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૭) નટુભાઈ દરજી : પેથાપુર

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં કયા ગુજરાતી ફિલ્મસ્ટાર અને સંગીતકાર બેલડીનું અવસાન થયું?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શસ્ત્ર પૂજન... હવે શરદ પૂનમ

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

આપણી સંસ્કૃતિ અને ભારતીય સંસ્કારો પ્રાચીનકાળથી કહેતાં આવ્યા છે કે -

'માતૃદેવો ભવ. પિતૃ દેવો ભવ. આચાર્ય દેવો ભવ. અતિથિ દેવો ભવ.'

આપણે ય વર્ષોથી ગર્વભેર આનું રટણ કરતા આવ્યા છીએ... પરંતુ ધીરે ધીરે રટણમાં રહ્યું ને આચરણમાંથી જઈ રહ્યું હોય એવું જોવા નથી મળી રહી?

માતા-પિતાને ઘરડા ઘરમાં ધકેલાવું પડે છે, મિલ્કત માટે મા-બાપને મારવાના બનાવો વાંચવા-સાંભળવા - જોવા મળે છે. વૃદ્ધાશ્રમમોની સંખ્યામાં વધારો... આ બધું જાણે 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ' વિરુદ્ધ નથી શું?' જે દેશમાં 'આચાર્ય દેવો ભવ' કહેવાયું ત્યાં કમનસીબે આચાર્ય - શિક્ષકોને મારવાના, એમની હાંસી ઉડાવવાની ઘટનાો બને એ કમનસીબી જ કહેવાય ને? અરે, તાજેતરમાં એક સમાચાર પ્રમાણે તો શિક્ષકોનું સન્માન કરવામાં, એમનું માન જાળવવામાં ભારત વિશ્વમાં છઠ્ઠા ક્રમે છે... બ્રિટનના એક ફાઉન્ડેશને દુનિયાના ૩૫ દેશોમાં શિક્ષકોના માન-સન્માન વિશે શું સ્થિતિ છે તે અંગે કરેલા સર્વેક્ષણમાં આ કટુ સત્ય બહાર આવ્યું છે. (અલબત્ત હંગર ઈન્ડેક્ષમાં ૧૮૩ દેશોમાં આપણે ૯૪માં ક્રમે છીએ તે કરતાં સારું કહેવાય!)

જો કે ગજુ ગુરુ પૂર્ણિમાએ શાળાઓમાં - કૉલેજોમાં શિક્ષકો - ગુરુજનોનાં પૂજન -સન્માન યોજાય છે. (આડે દહાડે જે થતું હોય તે!) તે બાબત દિલને ટાઢક આવી જાય છે.

'અતિથિ દેવો ભવ' કહીને આંગણે આવતા મહેમાનને આવકારવામાં, એની પરોણાગત કરવામાં આજે અગાઉ જેવો ઉમળકો ક્યાં વર્તાય છે? ઉલ્ટાનું હવે ઘણા લોકોથી મહેમાનો જાણે ખમાતા ન હોય એવું 'ફીલ' થઈ રહ્યું છે... મહેમાનનું આગમન એમને ગમતું નથી કેમ કે એની પાછળ ઊંચા-નીચા થવાનું, આગતા-સ્વાગતા કરવામાં મની-એનર્જી - ટાઈમ ખર્ચાઈ જાય એ કદાચ પાલવતું નથી!

પાછી મજાની વાત એ છે કે આવા લોકોને પોતાને કોઈને ત્યાં મહેમાન બનવાનું ઘણું ગમતું હોય છે... આવી વ્યક્તિઓના લાભાર્થે જ કદાચ 'અતિથિ દેવો ભવ' સંસ્કારની લાજ રાખવા જ 'કોરોના' આવ્યો છે.... 'કોરોના' ના લીધે હળવા-મળવાનું બંધ એટલે અતિથિ-મહેમન ક્યાંથી આવે? નિરાંત... જો કે અમારા લાલાકાકા 'કોરોના' કાળમાં ય 'કેમ છો, પનુભાઈ?' નો સાદ દેતા, મોં પર માસ્ક ચઢાવી મહેમાન બનવાનું ચૂકતા નથી. એ જુદી વાત છે... આજે લાલાકાકાએ એમની એ જ સ્ટાઈલમાં સવારની ચાના ટાઈમે અમારે ઓટલે આક્રમણ કર્યું...

'પનુભાઈ, કેમ છો?' કહેતાં અંકલે 'સોશિયલ ડિસ્ટન્સ' જાળવી દૂરની ખુરશી પર ગોઠવાયા...

'મજામાં, અંકલ... 'અમે છાપામાંથી નજર ઉડાવી કહ્યું... ને અમે નવાઈથી એમની સામે જોઈ રહ્યા... પછી પૂછ્યું : 'અંકલ, આ માસ્ક ઉપર લાલ ચાંલ્લો....? કાકીના માસ્ક સાથે અદલાબદલી ન થઈ જાય એટલે નિશાની કરી છે...?' 'ના, પનુભાઈ, ના...' અમારા હાથમાંથી પેપર ખેંચી લેતા રેડ અંકલ બોલ્યા :'આ તો દશેરા પૂજન...' 'શું ? દશેરા પૂજન? લાલાકાકા, તમે માસ્કની પૂજા કરી?'

'હા, યાર... એમાં આટલા બધા નવાઈ કેમ પામો છો? જુઓ સમજાવું... દશેરાના દિવસે શસ્ત્ર પૂજા કરવામાં આવે છે. રાઈટ!' 'રાઈટ... તો?' 'ભલા માણસ, આ પોસ્ટ કોરોના યુગમાં - કોરોના મહામારીના સમયમાં કોરોના સામે લડવા માટેનાં આપણાં શસ્ત્રો ક્યાં છે? માસ્ક ને સેનિટાઈઝર. ... કોરોનાથી આપણું રક્ષણ પણ આ શસ્ત્રો જ કરે છે કે... નહીં ?' 'હાં... એ ખરું?' 'તો પછી દશેરાએ આપણે આપણાં આ શસ્ત્રોનું પૂજન કરવું જ જોઈએ... એમ માની મેં અમારા બંનેના માસ્ક, સેનિટાઈઝરની બોટલ, ઉકાળાનાં પૅકેટને ચાંલ્લા કરી, ચોખા ચોંટાડી, આરતી ઉતારી એ બધાનું પૂજન કર્યું.. એની આ સાબિતી છે...'

'વાતમાં દમ તો છે, હોં કાકા...' 'અલ્યા ભઈ, આ કાકાની વાતમાં હંમેશા દમ હોય છે જ... પનુભાઈ, હું તો કહું છું કે જેમ દેશના રક્ષામંત્રીએ દશેરાના પર્વે લશ્કરી મથકે જોઈ આપણાં સૈન્યનાં હથિયારોનું પૂજન કર્યું. એમ આરોગ્યમંત્રી એ પણ 'માસ્ક્સ' અને 'સેનિટાઈઝર'નું પૂજન કરી દાખલો બેસાડવાની જરૂર હતી... શું કહો છો?' 'હેં ? હા... એમણે તમારી સલાહ સેવાની જરૂર હતી, અંકલ!!' અમે લાલાકાકાને ન સંભળાય એમ કોમેન્ટ કરી... એટલામાં શ્રીમતીજી રાબેતા મુજબ ચા લઈને આવ્યાં એટલે વાતો, પેપર અને અમને પડતા મૂકી, રેડ અંકલે પોતાનું સમગ્ર ધ્યાન આ ઉપર કેન્દ્રીત કર્યું.... ચા પીવાઈ ગયા પછી લાલાકાકા ઉવાચ : 'તો હું રજા લઉં... પનુભાઈ, કાલે રાત્રે મળીએ છીએ પાછા... હોં ને!'

'રાત્રે પાછા ? કેમ?'

'કેમ શું, ભલા માણસ...'

'કાલે શરદ પૂર્ણિમા છે કે નહીં!'

'હા...'

'તો દૂધ પૌંઆનો પ્રોગ્રામ કરવાનોને... એટલે કહું છું, કાલે રાત્રે મળીએ...' અંકલે સ્પષ્ટતા કરી...

'હા... ક્યાં મળીએ, અંકલ?'

'ક્યાં તે અહીં તમારે ત્યાં જ તો... દૂધ પૌંઆ તમારા હોય પછી તમને કંઈ બધું લઈને અમારે ત્યાં થોડા બોલાવાય... મળીએ...' કહેતા રેડ અંકલ સડસડાટ નીકળી ગયા...!!